

**જ્ઞાનવૈભવધારી**
**સાતિશય શ્રુતજ્ઞાનના ધણી**
**ભાવિ તીર્થાધિનાથના**
**ભેટા કરાવનાર ચૈતન્યરત્ન**
**પ્રશમમૂર્તિ ધન્યાવતાર**
**પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના**
**૧૦૭મા મંગલકારી**
**જન્મજયંતી મહોત્સવ પ્રસંગે**
**શત શત વંદન**

(પૂજ્ય) બહેનશ્રી ગણધરનો જીવ છે. એટલે એ ભવિષ્યમાં બાર અંગ રચવાના છે. બહેનશ્રીની બહુ સૂક્ષ્મ નજર હતી. વર્તમાન સમાજને ખરેખર શું જરૂર છે ? એ એમને બહુ જ્ઞાનમાં આવ્યું છે. એમના વચનામૃત બહાર પડ્યા ત્યારે ગુરુદેવ ફિદા થઈ ગયા, આફરીન થઈ ગયા ! એક-એક બોલમાં એકલું અધ્યાત્મનું અમૃત જ છે એમ કહીએ તો ચાલે. ભાવનાનો વિષય સ્થાપીને તો એમણે નિવેડો લાવી દીધો છે. મુમુક્ષુઓને તો એક રત્ન જ હાથમાં આવી ગયું, એમ કહીએ તો ચાલે.

—પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૭૨, વર્ષ–૨૪, ઑગસ્ટ–૨૦૨૦

## અષાઢ વદ ૫, ગુરુવાર, તા.૭-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૭૬ પ્રવચન-૨૮

'બેને છોડીને બે ગુણનો વિચાર કરો.' લ્યો, ગ્રહણ-ત્યાગનો વિકલ્પ, ભેદ. એ પણ વ્યવહારે એક વિકલ્પ છે.

**बे छंडिवि बे गुण सहिउ, जो अप्पाणि वसेइ।**
**जिणु सामिउ एमइं भणइ लहु णिव्वाणु लहेइ।।७७।।**

જિનવર સ્વામી એમ કહે છે. જિનેન્દ્ર ભગવાન ત્રિલોકના નાથ જિનેન્દ્ર પ્રભુ એમ કહે છે કે, '**જે બેને અર્થાત્ રાગ-દ્વેષને છોડીને...** ' લ્યો, ઠીક! આત્મા વીતરાગસ્વરૂપમાંથી ભેદ પડતો રાગ-દ્વેષને છોડીને '**જ્ઞાન-દર્શન બે ગુણધારી આત્મામાં સ્થિત થાય છે...** ' સ્થિત થવું આત્મામાં, પણ જ્ઞાન અને દર્શનનો ધરનાર, એવા આત્મામાં ઠરવું. મૂળ તો આત્મામાં ઠરવું. જ્ઞાન, દર્શનનો ધરનાર એમ કીધો. જ્ઞાન, દર્શનનો વિચાર કરીને, ત્યાં એમ અહીં પ્રશ્ન નથી. આ તો જ્ઞાન, દર્શનનો ધરનાર ભગવાનઆત્મા એકરૂપ (છે), એમાં '**अप्पाणि वसेइ**' એ આત્મામાં વસે. ભેદમાં વસવું એ હજી આત્મામાં વસવું નથી. સમજાણું કાંઈ? ઓલામાં સમુચ્ચય નામ લીધા હતા. '**जाहँ एयहँ लक्खण**' એના લક્ષણ જાણવા. હવે આ કહે છે કે, એ બધા વિચારોને ટૂંકાવી દઈને આ આત્મા જ્ઞાન-દર્શનરૂપનો ધરનાર એ છે, એવા આત્મામાં વસવું. કહો, સમજાણું કાંઈ?

બેના લક્ષણવાળો, એમ નહિ. બેનું રૂપ તે એક આત્મા, એવા આત્મામાં વસવું. લ્યો, આત્મામાં વસવું. ઓ..હો...! ભગવાન પોતાના શુદ્ધ સ્વરૂપમાં રુચિ, જ્ઞાન અને ઠરવું કરે એનું નામ વસવું કહેવાય છે. એમ કરે તો '**जिणु सामिउ एमइं भणइ लहु णिव्वाणु लहेइ**' તો '**તે શીઘ્ર જ નિર્વાણને પામે છે...**' અલ્પકાળમાં એ જીવની મુક્તિ થશે એમ જિનેન્દ્ર સ્વામી (કહે છે). '**जिणु सामिउ**' કીધું ને એટલે જિનેન્દ્ર લીધું. સ્વામી—જિનસ્વામી એમ કહે છે. જિનસ્વામી એટલે જિનેન્દ્ર. જિનના સ્વામી એટલે જિનેન્દ્ર. આહાહા..! '**जिणु सामिउ एमइं भणइ**' જિનના ઈન્દ્ર એવા જિનેન્દ્ર પ્રભુ એમ કહે છે, જિનેન્દ્ર પ્રભુ એમ કહે છે. ભગવાનઆત્મામાં એ જાણનાર-દેખનાર બે ધરનારું એક તત્ત્વ છે, એવા આત્મામાં વસે તો અલ્પકાળમાં મુક્તિ થાય એમ જિનેન્દ્રદેવ કહે છે. આ ક્રિયા કેવી? સમજાણું કાંઈ?

'**બંધનું મૂળ કારણ રાગદ્વેષ છે તેમનો ત્યાગ કરવો.**' રાગ-દ્વેષનો ખંડ. ભગવાન વીતરાગસ્વરૂપે છે એમાં ખંડ થવો, આ ઠીક-અઠીક, એ રાગ-દ્વેષ છે. ઠીક-અઠીકપણું એના સ્વભાવમાં નથી. કોઈ અનુકૂળ ચીજ ઠીક અને પ્રતિકૂળ અઠીક, એ વસ્તુમાં જ નથી. આમાં (આત્મામાં) નથી અને એમાં પણ નથી. જણાવા યોગ્ય

ચીજમાં પણ કોઈ ઠીક અને અઠીક (એવા) બે ભાગલા જ નથી અને આત્મામાં એવો ભંગ નથી, એ તો વીતરાગસ્વરૂપ છે. આ ઠીક અને અઠીક એવા વિકલ્પ ઊઠે એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! નિરોગ શરીર હોય તો ધર્મ થાય. લ્યો! એ કહે છે એવું સ્વરૂપમાં છે જ નહિ. સાંભળને હવે. એ તો પરજ્ઞેય છે, એ તો જાણવા લાયક જ્ઞેય છે. એમાં આમ હોય તો આમ થાય, ન્યાં હોય તો અહીં થાય, એવું અહીં ક્યાં હતું? આહાહા..! ખાવા-પીવાના સાધન હોય, સગવડતા હોય, બાયડી-છોકરા સારા (હોય) સેવા-બેવા કરે તો કંઈક વૈયાવચ્ચમાં, માવજતમાં ફેર પડે. પડતી હશે કે નહિ? બાયડી સારી હોય, છોકરા હોય બધું એને જોઈતું હોય, ટાઢા ટાણે આવું જોઈએ, ઉના ટાણે આવું જોઈએ, સવારમાં આવું જોઈએ, સાંજે (આવું જોઈએ) ઈ (બધું) ઘરના માણસ જાણે. એવી બધી સગવડતા, માવજત સરખી હોય તો એને સ્ફૂર્તિ રહે કે નહિ?



મુમુક્ષુ : શરીરની સાથે આત્માને શું સંબંધ છે?

ઉત્તર : એ જ કહે છે કે, બહારમાં ઠીક-અઠીક એવું કોઈ ચીજમાં નથી માટે રાગ-દ્વેષ છોડી દે. તારા સ્વભાવમાં નથી. ઠીક-અઠીક માનવું એવું તારું સ્વરૂપ નથી. તું તો જાણનાર-દેખનાર (છો અને) એ એકરૂપે જણાય. બધી ચીજો જણાય તે એકરૂપે. આ ઠીક-અઠીક એવા બે ભાગ છે જ નહિ. આહાહા..! અને તારામાં પણ બે ભાગ નથી. તું એકરૂપે જ બધાને જાણ, બસ! એ તારું સ્વરૂપ છે. એવા જાણવા-દેખવાના ભાવમાં રાગ-દ્વેષને છોડીને (રહે). સમજાણું? ત્યાગ કરવાનો આ ક્રમ છે.

**‘પહેલાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય સંબંધી રાગ-દ્વેષનો ત્યાગ કરવો. મિથ્યાદષ્ટિ જીવ પરપદાર્થને આત્મા માનવાની ભૂલ કરે છે.’** મિથ્યાદષ્ટિ જીવ અંદરમાં પરપદાર્થમાં આત્મા માનવાની ભૂલ કરે છે. આત્મા એટલે મને લાભ થશે, એનાથી નુકસાન થશે એમ માનનાર પરને પોતાનું માને છે. આહાહા..! આત્મા, ભગવાનઆત્મા સિવાય કોઈપણ પદાર્થ મને આ ઠીક છે, એવો વીર્યનો ઉત્સાહ, ઉત્સાહિત વીર્ય (થાય) એ અનંતાનુબંધીનો ક્રોધ, માન, માયા, લોભ છે. સમજાણું કાંઈ? માયા અને લોભ એ રાગના ઘરના છે અને ક્રોધ ને માન બે દ્વેષના ઘરના છે. કંઈ પણ વીર્ય ઉલ્લસિત (થાય કે) આ ઠીક, એને અનંતાનુબંધી માયા, લોભ કહે છે. આ ઠીક નહિ. એને અનંતાનુબંધીનો ક્રોધ, માન (કહે છે). એમાં પરની એકત્વબુદ્ધિ થાય છે. સમજાણું?

મિથ્યાદષ્ટિ પરમાં અહંકાર અને મમકાર ભાવ કરે છે. એ હું અને એ મારા. **‘ઇન્દ્રિય જનિત પરાધીન સુખને સાચું સુખ માને છે.’** અજ્ઞાની ઇન્દ્રિયમાં ઉત્પન્ન થયેલું સુખ (તેને સાચું માને છે). મોસંબી ખાવી, પીવી, આમ ગાદલા ઊંચા રેશમના, રસ-પુરી ખાધા હોય પછી રેશમના ગાદલામાં સૂતો હોય, માથે પંખો ચાલતો હોય તો ઓઢવાની જરૂર નહિ, માખી અડે નહિ. આ..હા...! કેટલી સગવડતા! કહે છે કે, એમાં સુખબુદ્ધિ મિથ્યાષ્ટિ માને છે. આહા..! એવી સગવડતા.. કેળા અને પુરી

આમ એવા પાધરા ઊતરીને જતા હોય, ચાવવુ પણ ન પડે. અને ઊંચા દહીંથરા હોય. ખાયને પછી મલમલ ઓઢીને (સૂવે). નાગરવેલના પાન ચાવતો હોય. આળોટે આમ. શેઠ સુખે પોઢ્યા છે. મૂઢ છે, કહે છે. એમાં સુખબુદ્ધિ માને એ મિથ્યાષ્ટિ પરપદાર્થમાં અનુકૂળ માન્યા વિના રહેતો નથી. પરાધીન સુખને સુખ માને છે.

**'આ મિથ્યાભાવને કારણે જે વિષયોના સેવનથી ઇન્દ્રિયસુખની કલ્પના કરે છે તે પદાર્થમાં રાગભાવ કરે છે અને જેનાથી વિષયભોગમાં હાનિ થાય છે તથા જે વિષયો રુચતા નથી તેમના પ્રત્યે દ્વેષ કરે છે.'** એ લીધું છે, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે ને ઈ. જે એને રુચે એને મદદ કરનાર હોય એના ઉપર રાગ કરે, ન રુચે એને મદદ કરનાર હોય એના ઉપર દ્વેષ કરે. **'આ રીતે રાગદ્વેષના ચાર પ્રકાર છે.'** પછી અનંતાનુબંધી આદિના ભેદ પાડે છે. પહેલા અનંતાનુબંધીના તીવ્ર રાગ-દ્વેષ છોડવા અને સ્વરૂપની એકાગ્રતા કરવી.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ ૬, શુક્રવાર, તા.૮-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૭૭ પ્રવચન-૨૯

'યોગસાર'ની ૭૭ ગાથા. શું કહે છે? જુઓ!

**बे छंडिवि बे गुण सहिउ, जो अप्पाणि वसेइ।**
**जिणु सामिउ एमइं भणइ लहु णिव्वाणु लहेइ।।७७।।**

જે કોઈ આત્મા પોતામાંથી રાગ-દ્વેષ (છોડે છે), પહેલા તો અનંતાનુબંધીનો રાગ-દ્વેષનો ત્યાગ કરીને પોતાના આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન ગુણ ગ્રહણ કરીને પોતામાં એકાગ્ર થાય છે, '**अप्पाणि वसेइ**', તે અલ્પકાળમાં મુક્તિને પામે છે.

**'મિથ્યાત્વ અને અનંતાનુબંધી રાગ-દ્વેષ મટાડવા માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ જરૂરી છે.'** ત્રીજો પેરેગ્રાફ. કહો, સમજાય છે કાંઈ? આચાર્ય મહારાજ, દિગંબર આચાર્ય 'યોગીન્દ્રદેવ' એમ કહે છે, બે દોષને છોડીને બે ગુણ ગ્રહણ કરવા. બે દોષરાગ અને દ્વેષ છોડીને, બે ગુણપોતાના આત્માના દર્શન અને જ્ઞાન, તેને ગ્રહણ કરવા.

મુમુક્ષુ : રાગ-દ્વેષ તો દસમે છૂટે છે.

ઉત્તર : રાગ-દ્વેષ ક્યાં દસમે છૂટે છે. અહીં તો ચોથે ગુણસ્થાનેથી રાગ-દ્વેષને ઉપયોગની ભૂમિકામાં લાવતા જ નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિ પોતાના આત્માના જ્ઞાનઉપયોગમાં રાગ-દ્વેષના પરિણામ એકત્વપણે લાવતા નથી ત્યારે તેને સમ્યગ્દર્શન, જ્ઞાન કહેવામાં આવે છે. રાગ થાય છે, પણ રાગ અને દ્વેષને રોગ જાણે છે. ધર્મી જીવ સમ્યગ્દષ્ટિ રાગ અને દ્વેષને રોગ જાણે છે અને પોતાનો આત્મસ્વભાવ, શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાન કરવા, તેને લાભદાયક માને છે. કહો, સમજાય છે કાંઈ?

**'આ સમ્યક્ત્વ પામવાનો ઉપાય પોતાના આત્માના યથાર્થ સ્વભાવનું જ્ઞાન છે...'** સમ્યગ્દર્શન પહેલી ચીજ છે. અનંતકાળમાં પોતાનો શુદ્ધ પરમાત્મા એકલો આનંદકંદ, અતીન્દ્રિય આનંદસ્વરૂપની અંતર દૃષ્ટિ અનંતકાળમાં કરી નથી. તો કહે છે કે, પહેલા એ કરવું. અતીન્દ્રિય આનંદ, સુખ મારામાં છે અને મારામાં પુણ્ય-પાપના કષાયભાવ મારી ચીજમાં નથી, એવું સમ્યક્ પામવાનો ઉપાય પોતાના આત્માના યથાર્થ સ્વભાવનું જ્ઞાન છે.

**'આ આત્મા જ્ઞાન-દર્શન સ્વભાવનો ધારક છે,...'** ભગવાનઆત્મા જાણન-દેખન અથવા શ્રદ્ધાસ્વરૂપ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? જાણન સ્વભાવ જ્ઞાન ત્રિકાળ છે, શ્રદ્ધા સ્વભાવ પણ ત્રિકાળ છે. એવા

આત્મામાં દૃષ્ટિ લગાવીને (સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું). 'સૂર્ય સમાન સ્વપરપ્રકાશક છે,...' એમ જાણવું. હું મને જાણનારો છું અને રાગ, શરીરને મારી મોજૂદગીમાં રહીને જાણનારો છું. સમજાય છે કાંઈ? એવો અંતર નિર્ણય કરે અને અનુભવ કરે કે, હું આત્મા જ્ઞાન, દર્શનનો ધરનારો, જ્ઞાન-દર્શનનો ધરનારો (છું). અહીં બેની વાત છે એટલે બે લે છે.

જ્ઞાન જાણન અને શ્રદ્ધા અથવા દર્શન ઉપયોગ, એનો ધરનારો આત્મા પોતામાં રહીને બીજાને અને સ્વને જાણનારો છે. સમજાય છે કાંઈ? એવો સૂર્ય સમાન ભગવાનઆત્મા સ્વપરપ્રકાશક **'સર્વજ્ઞ છે, સર્વદર્શી છે,...'** આત્મા સર્વજ્ઞ છે, અત્યારે. અને સર્વદર્શી છે. જ્ઞાનસ્વભાવ છે તો જ્ઞાન સંપૂર્ણ આત્મામાં છે. દર્શન સ્વભાવ છે એ દર્શન સંપૂર્ણ આત્મામાં છે. અને **'પૂર્ણ વીતરાગ છે,...'** આત્મા રાગરહિત છે તો પૂર્ણ વીતરાગ છે. એવા આત્માની અંતર દૃષ્ટિ અને જ્ઞાન કરવા તેનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. શરૂઆતમાં, પહેલી ભૂમિકામાં એ પ્રગટ કરવું.

**'પૂર્ણ આનંદમય છે,...'** ભગવાનઆત્માનું આનંદ સ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદ સ્વરૂપ (છે). સિદ્ધમાં જેવો અતીન્દ્રિય આનંદ છે એવો મારા સ્વભાવમાં અતીન્દ્રિય આનંદ છે. એ અતીન્દ્રિય આનંદનો ખોરાક લેનારો હું છું. કહો, સમજાય છે કાંઈ? હેં?

મુમુક્ષુ : ખાય ને પછી દાન આપે.

ઉત્તર : કોણ કરે? ધૂળ કરે બધી. ખાય કોને? કરે કોને? આ..હા..! પોતાની ભૂમિકામાં—પોતાની સત્તામાં રાગ-દ્વેષ કરે કાં હર્ષ-શોક ભોગવે. પોતાની સ્વભાવદૃષ્ટિ કરવાથી અતીન્દ્રિય આનંદ ભોગવે. બીજું શું કરે? પોતાનો આત્મા અતીન્દ્રિય આનંદમય છે તેનો કરવાવાળો અને ભોગવનારો આત્મા છે. ઓહો..હો...! અરે...! સોની દાગીના કરે? દાગીનાને શું કહે છે? ઝેવર. ઝેવર કરે? સોનીને કંઈ આપે તો એ ભોગવે. શું ભોગવે? પૈસાને—ધૂળને ભોગવે? ધૂળમાંય ભોગવતા નથી. મૂઢ માને છે. પોતાની મોજૂદગીમાં, પોતાની સત્તાની ભૂમિમાં કરવું અને ભોગવવું છે. પરની સત્તાની ભૂમિમાં કરવું-ભોગવવું આત્માને નથી.

મુમુક્ષુ : 'કુંદકુંદાચાર્ય' કહે છે, ભોગવે છે અને તન્મય ન થાય.

ઉત્તર : એનો અર્થ શું થયો? ભોગવે અને તન્મય ન થાય એનો અર્થ એ થયો કે, પરમાં એકમેક થતો નથી અને પરને ભોગવે છે એમ જ્ઞાન કરાવવા નિમિત્ત કહેવાય છે. ઓ..હો..હો...! ભારે પણ પંડિતોએ પણ ભણી ભણીને ભારે લાકડું કાઢ્યું. કાલે એવું આવ્યું છે, સોની હોય છે ને? સોની સુવર્ણકાર. એ દાગીના બનાવે છે પણ એકમેક થતો નથી. દાગીનારૂપ થતો નથી. પણ કોઈ પરરૂપે કેવી રીતે થાય? અને પરરૂપ થયા વિના પરનો કર્તા કેવી રીતે થાય? અને પરરૂપ થયા વિના પરનો ભોક્તા પણ કેવી રીતે થાય? અને પરરૂપ તો કદી થતો નથી. આહાહા..! લખ્યું છે પણ તેનો અર્થ સમજવો જોઈએ ને. લખ્યું છે શું? ઘીની શીશી, લખ્યું (હોય). ઘીની બરણી નથી કહેતા? ઘીની બરણી. ઘીની બરણી છે? ઘીનું વાસણ હોય? વાસણ તો પીત્તળ, માટીનું હોય, ઘી તો તેમાં રહે છે. એ રહે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. ઘી ઘીમાં રહે છે, વાસણ વાસણમાં રહે છે. ઘીનું વાસણ થાય છે? બોલવામાં આવ્યું. બોલવામાં આવ્યું તો શું થયું? 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, કુંભાર ઘડો કરે છે એમ અમે તો દેખતા નથી. અમે તો જોઈએ કે માટી ઘડાને કરે છે. એમ 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે.

મુમુક્ષુ : ઈ તો ઉપાદાનથી કહે છે.

ઉત્તર : પણ ઉપાદાનનો અર્થ શું? પોતાથી પોતાના પરિણામ પદાર્થ કરે છે, પરના પરિણામ કદી કરતા નથી. આહાહા..!

અહીંયાં કહે છે, ભગવાનઆત્મા **'પૂર્ણ આનંદમય છે,...'** સમ્યગ્દર્શન, જ્ઞાનમાં પોતાના આનંદનો ભોગવનારો આત્મા છે. અજ્ઞાનમાં રાગ-દ્વેષને ભોગવનારો છે. પરને તો ભોગવનારો છે નહિ. આ શરીર માટી જડ છે. આ

રંગ, ગંધ, રસ, સ્પર્શ માટી—ધૂળ છે. દાળ, ભાત, શાક, ચરપરા, મરચાં, મરી આત્મા ભોગવી શકે છે? આત્મા ચરપરો થઈ જાય છે?

મુમુક્ષુ : બજારમાંથી લાવીને ખાઈને બટકા ભરે છે.

ઉત્તર : કોણ બટકા કરે? આહાહા..! ભાઈ! એ તો જગતના પદાર્થ પોતાની વર્તમાન અવસ્થાથી પરિણમી રહ્યા છે, પૂર્વની અવસ્થાથી બદલી રહ્યા છે. એમાં તારે કરવા-ભોગવવાનું ક્યાં આવ્યું?

**'સ્વયં પરમાત્મારૂપ...'** ભગવાનઆત્મા (છે). પોતે નિજ સ્વરૂપે તો પરમ સ્વરૂપ જ પરમાત્મા જ છે. **'આઠ કર્મ, રાગાદિ ભાવકર્મ, શરીરાદિ નોકર્મથી ભિન્ન છે. અતીન્દ્રિય સુખ જ સાચું સુખ છે એવી પ્રતીતિ લાવીને વારંવાર પોતાના જ્ઞાન-દર્શન સ્વભાવમય આત્માની ભાવના કરતા રહેવાથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય થઈ જશે.'** એમ કહે છે. સમજાણું? ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ સંપન્ન સ્વરૂપ પરિપૂર્ણ છે એવી વારંવાર એકાગ્રતા કરવાથી દર્શનમોહ આદિનો ક્ષયોપશમ, ક્ષય થઈ જાય છે.

**'ત્યારે આ જીવને સમ્યગ્દર્શન ગુણ પ્રગટશે, મૂઢતા નાશ પામશે અને સમ્યગ્જ્ઞાન પ્રગટી જશે. '** બસ! દર્શન અને જ્ઞાન બે લઈ લીધા. **'પછી તેને નિર્વાણ પદ પામવાની યોગ્યતા મળી જશે.'** ઓલા બે લીધા છે ખરા ને? દર્શન અને જ્ઞાન. ચારિત્ર બાકી રહ્યું. સમજાય છે? એટલે એ શબ્દ વાપર્યો છે. ઠીક કર્યું છે. નિર્વાણ, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન. પોતાના શુદ્ધ સ્વરૂપ પરમાનંદનું જ્ઞાન અને પરમાનંદની દષ્ટિ થઈ તો સમ્યગ્દર્શન, જ્ઞાની થયો તો મોક્ષ પામવાને લાયક થઈ ગયો. અલ્પકાળમાં તેનો મોક્ષ થશે. એ સમ્યગ્દર્શન, જ્ઞાન વિના લાખ, કરોડ ક્રિયાકાંડ કરે, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ (કરે પણ) તેનાથી કદી સમ્યગ્દર્શન, જ્ઞાન અથવા મોક્ષનો અધિકારી થશે નહિ. કહો, સમજાય છે? ત્યારે બાર કષાય બાકી રહેશે. ચાર અનંતાનુબંધી ગયા. સોળમાંથી બાર બાકી રહ્યા. નોકષાય પણ છે. ચારિત્રની કમી છે. ચોથા ગુણસ્થાને **'એકવીસ પ્રકારે ચારિત્ર મોહનીયના ઉદયથી રાગ-દ્વેષ થઈ જાય છે (જ્ઞાનીને) તેને તે રોગ જાણે છે.'** કહો, સમજાય છે?

**'મન, વચન, કાયાની ક્રિયાને આત્માનું કર્તવ્ય જાણતા નથી,...'** આહા..! જડની ક્રિયા, શરીર, વાણી, માટીની જે પર્યાય ક્રિયા થાય છે તેને ધર્મી પોતાનું કર્તવ્ય જાણતા નથી, માનતા નથી. એ તો તેના જાણનાર રહે છે. તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમજાય છે કાંઈ? **'આ રીતે રાગ-દ્વેષનો ત્યાગ કરીને જ્ઞાન-દર્શન ગુણવાળા આત્માને પ્રાપ્ત કરો.'** છેલ્લો સરવાળો (કર્યો). છેલ્લી લીટી (છે). એ રીતે રાગ-દ્વેષનો ત્યાગ કરી જ્ઞાન-દર્શન ગુણવાળા આત્માને પ્રાપ્ત કર. પાઠમાં એમ છે ને કે, બે દોષને છોડે અને બે (ગુણને) ગ્રહણ કરે.

'સમયસાર'નો દાખલો આપ્યો છે. **'મહાન જ્ઞાન લક્ષણધારી શુદ્ધ નિશ્ચયનય દ્વારા... '** નિશ્ચય નામ સત્ય દષ્ટિ દ્વારા **'જે સદાય પોતાના આત્માના એક સ્વભાવનો અનુભવ કરે છે...'** ધર્મી જીવને રાગ હો, વિકલ્પ હો તેનાથી રહિત મારી ચીજ એક સ્વભાવી, એક સ્વભાવી પૂર્ણ આનંદ એક સ્વભાવી (છે) એવી ષ્ટિ કરીને આત્માનો અનુભવ કરે છે. **'તે રાગાદિ ભાવોથી છૂટીને બંધરહિત શુદ્ધ આત્માને દેખી લે છે.'** રાગભાવોથી છૂટીને. **'विधुरं.. विधुरं'** છે ને? **'विधुरं', 'बन्धविधुरं'**. બંધથી તે વિધુર થઈ જાય છે. એ ૭૭ (ગાથા પૂરી) થઈ.

***



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૧૬૭ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૪-૨-૧૯૮૩, પ્રવચન નં. ૬૫૭ (વિષય : માર્ગદર્શન)**

**આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધભાવ છૂટતા નથી. ને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના સ્વરૂપનો અનુભવ થતો નથી. રાગની એકતાના સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધસ્વરૂપનો અનુભવ થતો નથી. ને શુદ્ધસ્વરૂપનો અનુભવ થયા વિના રાગની એકતાના સંસ્કાર છૂટતા નથી. મહિમાવંત એવા પ્રભુનો મહિમા આવ્યા વિના તુચ્છતાના પામરતાના સંસ્કાર છૂટશે નહીં. ને તુચ્છતાના-પામરતાના સંસ્કાર છૂટચા વિના મહિમાવંત પ્રભુની મોટાઈ લાગશે નહીં. તેથી અશુદ્ધતા જાય ને શુદ્ધતા થાય તે એક જ કાળે છે. ૧૬૭.**

કેમકે કોઈપણ પરિણામ ઉત્પન્ન થાય છે ત્યારે એ પહેલા એનો કોઈ મેસેજ નથી આવતો કે હવે આ પરિણામ આવશે... હવે આ પરિણામ આવશે... હવે આવું પરિણામ આવશે. એ તો થયા જ કરે છે. અને એ થયા પછી અસંખ્ય સમયે મતિજ્ઞાનનો ઉપયોગ લાગે છે. શ્રુતજ્ઞાન તો પછી થાય છે. પહેલા મતિજ્ઞાન થાય છે, એ અસંખ્ય સમયે થાય છે, જે એને બુદ્ધિમાં પકડાય એવું. જ્ઞાન ભલે તરત ત્યારે હાજર હોય. પણ એ જ્ઞાનમાં અવગ્રહ, ઈહા અને અવાયનો સ્ટેજ આવે છે ત્યારે એને ખબર પડે છે. અવાય એટલે નિશ્ચય. આવો રાગ થયો. ત્યારે તો અસંખ્ય સમય ચાલ્યા ગયા હોય છે. એ પહેલા જ્ઞાન થયું હોય છે. પણ જ્ઞાન થવું અને જ્ઞાન પકડાવું એમાં સમયાંતર છે. જ્ઞાન થાય અને જ્ઞાનની સમજ આવે કે આવું જ્ઞાન થયું એમાં અસંખ્ય સમય જાય છે. એ પ્રકાર છે. એટલે થયેલા પરિણામને તો મટાડવાનો સવાલ નથી. નહિ થયેલાને નહિ આવવા દેવા માટે બીજો શું એ વિચાર કરે? સિવાય કે એ મૂળમાંથી કપાઈ જાય અને ઉત્પન્ન ન થાય. બાકી યોગ્યતા રહી ગઈ હોય તો પરિણામ થયા વિના રહેશે નહિ. આ મૂળમાંથી તે પરિણામ થવાની સ્થિતિરૂપ યોગ્યતા, એને ટાળવાની વાત છે. જો એકતા તૂટે, એકત્વ તૂટે તો અનંતાનુબંધી ન થાય. રાગ ભલે થાય પણ અનંતાનુબંધીનો રાગ થાય નહિ. ચારિત્રમોહનો છે, ઉપરછલ્લો છે, રસ વિનાનો છે, ભિન્નપણે એને જાણતા થયેલો છે. તેથી એ રાગનું મૂળ જરાય ઊંડુ નથી.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ ગમે તેટલો મંદ કષાય કરે પણ કષાય ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એનું કારણ એ છે કે એને અંદરમાં એકત્વ પડ્યું છે કે આનાથી લાભ, આ રાગથી લાભ. કોઈપણ પ્રકારના રાગથી લાભ

એટલે પરથી લાભ, એ પરથી લાભ... જેણે કતલખાનુ માંડ્યું છે એને શું છે? કે આ કાર્ય કરવાથી મને જે કાંઈ મળશે એનાથી મને સુખ. બસ! જેણે પૈસામાં સુખ માન્યું છે તે પૈસા મેળવવા શું શું નહિ કરે? કે એનો તો કોઈ હિસાબ-કિતાબ નથી કે શું નહિ કરે.

તો કહે છે કે પણ જેણે ધંધો વેપાર છોડી દીધા એણે ક્યાં પૈસામાં સુખ માન્યું છે? એ તો ત્યાગી થયા છે. એ ત્યાગી થયા છે પણ એવા પરિણામ નહિ કરે એનો નિયમ શું? કે એનો નિયમ આ છે કે રાગની એકતા તોડે તો એ પરિણામ નહિ કરે. નહિતર એને કોઈને કોઈ પ્રકારના વર્તમાન વર્તતા રાગમાં એકતા થાય છે તો એ રાગ ક્યારે કેવો પલટો મારીને કઈ હદે જાશે એનો કોઈ નિયમ છે નહિ. એટલે મિથ્યાત્વને નશો કહેવામાં આવે છે. મિથ્યાત્વ પરિણામને એક નશો—ભ્રાંતિનો નશો કહેવામાં આવે છે. તો જ્યાં સુધી કોઈ જીવને નશો છે ત્યારે તે કોઈ અનુચિત ચેષ્ટા ન કરતો હોય, દારૂ પીધો હોય અને નશામાં ચકચુર હોય અને શાંત દેખાતો હોય પણ એનો ભરોસો શું કે ક્યારે શું કરી બેસે એ? કે એનો કોઈ ભરોસો રખાય નહિ. કેમકે એ નશામાં આવેલો માણસ છે. એમ ભલે શાંત દેખાય પણ મિથ્યાત્વનો નશો ન ઉતરે ત્યાં સુધી તે જીવના પરિણામનો કોઈ ભરોસો રહી શકે નહિ. એમ છે. ગમે તેવા પરિણામ થઈ જશે.

એટલે કહે છે કે પ્રથમમાં પ્રથમ મોક્ષમાર્ગ જ્યાંથી શરૂ થાય છે એવું જે સમ્યગ્દર્શન, ચોથું ગુણસ્થાન કે જેમાં સ્વરૂપાનુભવ થાય છે, પ્રથમ જ શુદ્ધોપયોગ થાય છે, આત્માના આનંદઅમૃતનો અનુભવ થાય છે ત્યારે એને રાગની એકતા તૂટે છે અને ત્યારે એને એ નશો ઉતરી ગયો છે, મહાવિવેક પ્રગટ્યો છે. આખા જગતના, તમામ જગતને 'જગત ઇષ્ટ નહિ આત્મથી.' સમસ્ત જગતને એણે એ રીતે એક બાજુ મૂકી દીધું છે અને અનુભવમાં આવ્યો છે. તેને જિન થયો એમ કહ્યું. 'ધવલ'માં એને જિન થયો છે એમ કહ્યું છે. એની વાણીને જિનવાણી કહી છે. પછી એ સમ્યગ્દષ્ટિ છે એની વાણીને જિનવાણી કહી છે. પછી આ સમ્યગ્દષ્ટિની વાણી તે જિનવાણી અને આ બીજાની વાણી તે જિનવાણી નહિ એવો કોઈ વિભાગ છે નહિ. બધાની વાણી જિનવાણી છે. આમ છે.

'ગુરુદેવે' તો બહુ સમ્યગ્દષ્ટિનો મહિમા બતાવી દીધો. લગભગ એમના પ્રવચનમાં આ વિષય મુખ્ય આવ્યો. કેમકે જીવોને મિથ્યાદર્શન છૂટે અને સમ્યગ્દર્શન થાય. પછી તો એનો વિવેક એટલો જાગૃત થાય છે કે આગળનો માર્ગ એને માટે ચોખ્ખો છે. એટલે એ વિષય ઉપર સમ્યગ્દર્શનની સ્થિતિની મહત્તા એટલી બધી કરી કે સમ્યગ્દષ્ટિ બળદની ખરી હાલતા વિષ્ટાને અડી જાય તો એ વિષ્ટાને ધન્ય છે! આમાં ભાવ ક્યાં આવ્યા? આ તો દ્રવ્યસ્પર્શના છે. સમ્યગ્દષ્ટિ બળદ છે એનું શરીર છે એ તો પુદ્ગલદ્રવ્ય છે. વિષ્ટાના પરમાણુ પણ પુદ્ગલદ્રવ્ય છે. કોઈ પુદ્ગલદ્રવ્ય કોઈ પુદ્ગલદ્રવ્યના સંયોગમાં આવે એમાં આત્માને શું? છતાં સમ્યગ્દર્શનનો મહિમા કરવા માટે આવી વાતો કરતા ગયા છે. ભાઈ! સમ્યગ્દર્શન શું ચીજ છે. આખા સંસારનો નાશ કરનાર એક ક્ષણનો પરિણામ એની શક્તિ શું, એની પવિત્રતા શું, એનો અનુભવ શું? જેના કબજામાં પોતાના સર્વજ્ઞ સ્વભાવની, નિજ આત્મવૈભવની, નિજ દિવ્યશક્તિની તમામ સમસ્ત શક્તિની પૂરી દૌલતનો કબજો આવી ગયો એ સમ્યગ્દષ્ટિ છે. એને હવે એ દૌલત વાપરવી એ પછી આગળનો માર્ગ છે. પણ કબજો તો પહેલા થઈ ગયો છે. કબજામાં આવ્યું છે એ વાપરશે. જેને કબજો નથી એને વાપરવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ વાત મુખ્ય કરી છે.

ચારિત્રના અધિકારમાં મુનિદશાની વાત, સર્વજ્ઞદશાની વાત, ગુણસ્થાન અનુસાર શુક્લધ્યાનની શ્રેણીની ચર્ચાઓ, પ્રશ્નો ઘણી વાતો આવી છે. પણ મુખ્ય વાત એટલા માટે લીધી કે અત્યારે વર્તમાનમાં જીવોને એનો અભાવ છે. હવે મોક્ષમાર્ગની શરૂઆત છે એ પણ ન સમજાય એને આગળની વાત શું સમજાવવી? બીજું વર્ણન તો ઘણું આવતું હોય પણ મુખ્ય વાત આ જ છે કે અહીંયાં જો રસ્તો થાય તો બીજી વાત સમજવી સહેલી છે. નીચેની વાત ન સમજે, જે સહેલો દાખલો ન ગણી શકે એને અઘરો દાખલો ગણાવવાની શું મહેનત કરવી? એટલે બીજી વાત કહેવાનું કોઈ ખાસ પ્રયોજન હતું નહિ.

મુમુક્ષુ :- ... અનેક પડખાથી વાત આવે છે એ સમજ્યા જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એમ છે કે એક વાત જે સમ્યગ્દર્શનની છે એમાં અનંત ગુણનું પરિણમન છે. એક ક્ષણમાં અનંત ગુણનું શુદ્ધ પરિણમન, આંશિક શુદ્ધ પરિણમન છે, ભલે પૂર્ણ શુદ્ધ પરિણમન નથી પણ આંશિક શુદ્ધ પરિણમન છે પણ અનંત ગુણનું પરિણમન છે એની વાત કરે તો એમાં અનંત ગુણની વાત કરવી છે. એક ગુણની, બે ગુણની, હજાર ગુણની, લાખ ગુણની નહિ પણ અનંત ગુણની વાત કરવી છે. તો ભલે વિષય એનો એક હોય પણ અનંત પડખેથી એની વાત થઈ શકે છે. તો અનંત પડખાને કહેવા જાય તો અનંત કાળ લાગે. એટલો તો છે નહિ અહીંયાં કાળ, મર્યાદિત કાળ છે. એટલે એમ કહેતા કે આ જે કહેવાય છે એ મર્યાદિત કહેવાય છે. પૂરું કહેવાનો સમય નથી અને પૂરું કહેવાની પુદ્‌ગલની વાણીમાં સામર્થ્ય પણ નથી. એ પણ અધૂરું કહી શકે છે. વાણી પણ 'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન.' દિવ્યધ્વનિ ન કહી શકી, તે સ્વરૂપને અન્ય વાણી છદ્મસ્થની વાણી તો શું કહે? 'અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.' 'શ્રીમદ્‌' ગાયું છે.

પોતે સમ્યગ્દૃષ્ટિ છે. એ પદની ભાવના ભાવે છે. પૂર્ણપદની ભાવના ભાવે છે. કહે છે જ્ઞાનમાં અત્યારે પૂર્ણ પદ આવે છે. અનુભવમાં તો પૂર્ણ પદનો—સ્વરૂપ જે પરિપૂર્ણ છે અંતરંગમાં એનો, અનુભવ છે એટલે એનું જ્ઞાન વર્તે છે. અને સર્વજ્ઞ ભગવાનને પણ એનું જ્ઞાન વર્તે છે. હવે જેને દિવ્યધ્વનિનો યોગ થાય એ પણ આ પદને ન કહી શકે તો નીચે જેણે જોયું છે એને તો એટલો વાણીનો યોગ નથી. એટલા પુણ્ય નથી કે એટલી વાણીનો યોગ હોય, દિવ્યધ્વનિનો. એ શું કહે? એટલે જેટલો કાંઈ વિસ્તાર આવે છે એ મર્યાદિત આવે છે. પૂરો વિસ્તાર તો વાણીમાં જ કરવાનું સામર્થ્ય નથી.

કહે છે કે '**મહિમાવંત એવા પ્રભુનો મહિમા આવ્યા વિના...**' આ હવે બીજા પડખા લીધા. '**તુચ્છતાના-પામરતાના સંસ્કાર છૂટશે નહી. ને તુચ્છતાના-પામરતાના સંસ્કાર છૂટ્યા વિના મહિમાવંત પ્રભુની મોટાઈ લાગશે નહીં.**' આ ભાવ પણ સાથે સાથે છે. શું કહે છે? એક પડખું લીધું શુદ્ધતા-અશુદ્ધતાનું કે અશુદ્ધતાના સંસ્કાર મૂળમાંથી જાય ક્યારે? કે શુદ્ધ સ્વરૂપનો અનુભવમાં આનંદઅમૃતનો આસ્વાદ આવે અનુભવમાં. બીજું પડખું રહ્યું, એકત્વપણાનું. કે રાગાદિની એકતા તૂટે ત્યારે એને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય તો જ રાગાદિની એકતા તૂટે. બીજું પડખું. હવે આ ત્રીજું પડખું લીધું. આ બધા પરિણામ એકસાથે હોય છે. કહેવામાં ક્રમ પડે અને આ બધા પરિણામ છે એનો એને મેળ મેળવવો જોઈએ. નહિતર ક્યાંક ભૂલ થશે તો એને...

ભૂલ થાય છે શું? કે ઘણા જીવો એવા પણ

હોય છે કે જે ઘણી કષાયની મંદતામાં આવે છે, ધ્યાનાદિનો પ્રયોગ કરે છે અને ક્યાંક માનસિક શાંતિ ઉત્પન્ન થાય છે ત્યારે પણ એને એમ થાય છે કે આ અનુભૂતિ થઈ, અંદરમાં જે પરમાત્મપદ છે એની અનુભૂતિ થઈ. એ અનુભૂતિ સંબંધિત ભ્રમ છે. ભ્રમની સ્થિતિ અથવા પરાકાષ્ઠા ક્યાં સુધીની? કે અનુભૂતિ સંબંધિત પણ જીવોને ભ્રમ થાય છે. તો એ ભ્રમ છે કે સાચું છે એમ કેમ નક્કી કરવું? કે જેને અનુભૂતિ થાય છે એને એના પરિણામો કેવા કેવા હોય છે, એના બીજા જે ગુણોના પરિણામ છે એનું વર્ણન પણ અનુભવીઓએ શાસ્ત્રમાં કરેલું છે, કહી ગયા છે એની એણે મેળવણી કરવી જોઈએ. પોતાના પરિણામની અને એ કથનોની એણે મેળવણી કરવી જોઈએ કે કહે છે એવા બીજા પરિણામ પાછા થાય છે? કે ફેરફાર છે? જો ફેરફાર છે તો ઓલો અનુભવ નથી પણ ભ્રમ છે એમ એણે મેળ મેળવવું જોઈએ. એટલા માટે એ બધી વાત કરવામાં આવે છે કે જીવ ક્યાંય ભૂલાવામાં પડે નહિ. એ હેતુ છે એની પાછળ.

એકની એક વાત અને જુદા જુદા ગુણોથી શું કરવા કરવી? કે ભાઈ! એની પાછળ હેતુ છે કે ભિન્ન ભિન્ન યોગ્યતાવાળાને ભિન્ન ભિન્ન પ્રકારે એમાં ભૂલ રહેવાનો સંભવ છે. એ ભૂલની સંભાવના જાણીને એમ કહેવામાં આવે છે કે આ ભૂલ આ રીતે ન હોવી જોઈએ, આમ ન હોવી જોઈએ, આમ ન હોવી જોઈએ. આમ હોવું જોઈએ અને આમ ન હોવું જોઈએ. એમ અસ્તિ–નાસ્તિથી બેય રીતે વિષયને ચોખ્ખો કરવામાં આવે છે.

એ ત્રીજું પડખું મહિમાનું લીધું છે કે જે જીવને પોતાના મહિમાવંત એવા પ્રભુનો મહિમા ન આવે, પરમાત્મપદનો મહિમા આવ્યા વિના બહારના તુચ્છ વિષયોનો અને પામરતાના સંસ્કાર છૂટશે નહિ. તુચ્છતા અને પામરતા શું ચીજ છે? કે ઈચ્છા થાય, ઈચ્છાને અનુકૂળ પદાર્થ મળે ત્યારે એને સુખનો અને શાંતિનો કે આનંદનો કે હરખનો અનુભવ થાય. કહે છે કે ભાઈ! એ તો તુચ્છ પદાર્થ છે, એ તો તુચ્છ પદાર્થ છે. એ પદાર્થની કિંમત કેટલી? જે કોઈ પદાર્થના સંયોગમાં તને સુખનો અનુભવ થાય છે એની કિંમત કેટલી?

આપણે એક દૃષ્ટાંત લીધો હતો. માણસને જેને બહારના પદાર્થોનો મહિમા છે પછી એ કેવી રીતે મહિમા કરે કે અમે ફલાણા ભાઈને ત્યાં જમવા ગયા હતા. અમને હાથ લુવાનો નેપકિન લુછવા માટે આપ્યો એ અઢાર રૂપિયાવાળો હતો. શું કહે? અઢાર રૂપિયાનો તો નેપકિન હતો. એમ કહે.

***

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૬–C



પ્રશ્ન :- રાગાદિથી ભિન્ન ચિદાનંદ સ્વભાવનું ભાન અને અનુભવ થયો ત્યાં ધર્મીને ખબર પડે કે નહિ કે મને અંતરનું વેદન થયું, સમ્યગ્દર્શન થયું?

ઉત્તર :- અંતરમાં જીવનનો પલટો થાય એ કાંઈ ખબર ન પડે? પણ એ થાય કેવી રીતે? એ તો ગુરુના ઉપદેશથી થાય છે. અનંતકાળથી અજાણ્યો માર્ગ જે છે એ ગુરુના ઉપદેશથી (પ્રાપ્ત) થાય છે. અનંતકાળથી જે સમજ્યો નથી. આ 'ગુરુદેવે' પરમ ઉપકાર કર્યો છે. એના પ્રતાપે બધા સમજ્યા છે. એના પ્રતાપે જ બધું થયું છે. 'ગુરુદેવ'નો ઉપકાર તો શું વર્ણન કરીએ. એ તો જેટલું થાય એટલું ઓછું છે. એને બોલવાની વાણી પણ નથી એમના ઉપકારની. 'ગુરુદેવ'નો ઉપકાર છે. એમણે બધું (સમજાવ્યું કે) સ્વાનુભૂતિ કોને કહેવાય, માર્ગ કોને કહેવાય. એ બધું એમણે જ બતાવ્યું છે. એમનો ઉપદેશ તો કોઈ અનુપમ હતો. ગુરુના ઉપદેશ વગર એ સ્વાનુભૂતિ પ્રગટ થતી નથી. એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ હોય છે. અનાદિકાળથી અજાણ્યો માર્ગ ભગવાનની વાણી મળે સાક્ષાત્ કાં ગુરુની વાણી મળે તો જ એ પ્રાપ્ત થાય છે. અને અંતરમાં જે પ્રગટ થાય એ કાંઈ છાનું રહેતું હશે? આખો જીવનનો પલટો થાય એ કાંઈ (ખબર ન પડે)?

અંધકાર અને પ્રકાશ બે જેમ પ્રતિપક્ષ છે એમ જુદું હોય એ કાંઈ એને ખબર પડ્યા વગર રહેતી હશે? એ તો અંતરનો ઝેર અને સાકરનો સ્વાદ કાંઈ જુદો પડ્યા વગર રહેતો હશે? એને ખબર પડ્યા વગર રહે નહિ. આખો જીવનનો પલટો થઈ જાય છે. 'કુંદકુંદાચાર્ય' લખે છે ને, મારા ગુરુથી જે મળેલો ઉપદેશ જે શુદ્ધાત્માનો અનુગ્રહ આપેલો જે ઉપદેશ, એનાથી જે પ્રગટ થયો છે કે નિરંતર ઝરતો, આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ એની છાપવાળું પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ, એ સ્વરૂપ જે સ્વસંવેદન પ્રચુર સ્વસંવેદન છે. એ કેવી રીતે પ્રગટ થયું? મારા ગુરુના ઉપદેશથી. એમ કહે છે.

શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ આપ્યો મારા ગુરુએ કે શુદ્ધાત્મા કેવો છે. એનો કૃપા કરીને ઉપદેશ આપ્યો એનાથી પ્રગટ થયો છે. 'ગુરુદેવે' તો અહીં વર્ષો સુધી વાણી વરસાવી છે. ઉપદેશના ધોધ વરસાવ્યા છે. એની આગળ તો બધું... ગુરુએ તો શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો. 'કુંદકુંદચાર્ય' કહે છે, મારા ગુરુએ જે કૃપા કરીને ઉપદેશ આપ્યો એનાથી તે (વૈભવ) પ્રગટ થયો છે. આ 'ગુરુદેવે' તો વર્ષો સુધી વાણી વરસાવી અને સ્વાનુભૂતિ કોને કહેવાય એ કોઈ અપૂર્વ ઉપદેશ આપ્યો છે. એ ઉપદેશથી કેટલા જીવોના પરિવર્તનો થયા છે, અંતર રુચિના પરિવર્તનો બધાના થઈ ગયા છે. એના ઉપેદશથી બધું મળ્યું છે.

આચાર્યદેવ કહે છે કે એ નિરંતર ઝરતો આસ્વાદમાં આવતો. સુંદર આનંદ એની છાપવાળું. એની છાપ શું છે? કે સુંદર આનંદ જેમાં રહેલો છે. એની છાપવાળું જે પ્રચુર સ્વસંવેદન છે. એ તો મુનિરાજ છે. આ 'કુંદકુંદાચાર્ય'ની શી વાત કરવી! એ તો મુનિરાજ છે. એનું સ્વસંવેદન, એ કહે છે, એનાથી જે પ્રગટ થયું એવું સ્વસંવેદન છે. એ કહે છે કે (એનો) જન્મ ગુરથી જ થયો છે. એવો જે મારો

જ્ઞાનનો વૈભવ છે એનાથી હું તમને કહું છું. એના પ્રસાદથી જે ગુરુએ આપેલું જે જ્ઞાનનો વૈભવ પ્રગટ થયો છે એનાથી કહું છું. જે પ્રગટ થાય તે કાંઈ છાનું રહેતું નથી. આખા જીવનનો પલટો થાય, અંતરમાંથી આત્મા પ્રગટ થાય એ કાંઈ છાનો રહેતો હશે? અંદરથી પોતે અનંત ગુણોથી ભરેલો આત્મા પોતે જુદા જુદા સ્વભાવોમાં એમાં ઝૂલતો-રમતો, એમાં કેલી કરતો પ્રગટ થાય એ કાંઈ છાનો રહેતો નથી. ભેદજ્ઞાન થયું એ કાંઈ છાનું રહેતું નથી એમ કહે છે. એ તો કોઈ અપૂર્વ છે, અનુપમ છે એને કોઈ ઉપમા લાગુ પડતી નથી. એ તો કોઈ અપૂર્વ છે.

એ કાંઈ ધ્યાન કરે અને એમ આત્માના આશ્રય વગર ધ્યાન કરે, યથાર્થ જ્ઞાન વગર ધ્યાન કરે એમ પ્રગટ થાય નહિ. યથાર્થ જ્ઞાનપૂર્વકનું ધ્યાન હોય યથાર્થ તો એમાં આત્મામાં ભેદજ્ઞાન થાય, દ્રવ્ય ઉપર દૃષ્ટિના જોરમાં જ્ઞાતાની ઉગ્રતામાં જે પ્રગટ થાય છે અને આત્મા શાંત થઈને ઠરી જાય એ તો એને પ્રગટ જ છે. એ કાંઈ છાનું નથી રહેતું.

પ્રશ્ન :- માતાજી! આપે દૃષ્ટાંત આપ્યું તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા ભાવમુનિનું આપ્યું. ચોથે ગુણસ્થાને કેવો આસ્વાદ આવે એ કંઈ ખ્યાલ આવે? એ તો બહુ જ અલ્પ કાળ હોય છે.

ઉત્તર :- ચોથે ગુણસ્થાને આવે એ તો અલ્પપણે (આવે છે). જ્ઞાન કાંઈ એને ગ્રહણ કર્યા વગર રહેતું નથી. જ્ઞાન તો બધાને ગ્રહણ કરી લે છે. જ્ઞાન તો બધા વેદનને અને ગ્રહણથી (જાણી લ્યે છે). અલ્પ કાળ એટલે એવો કાળ નથી કે જેને વેદનમાં ન આવે અને અપ્રગટ હોય. એને વેદનમાં આવે છે. મુનિને વળી પ્રચુર સ્વસંવેદન છે. તોપણ સમ્યગ્દૃષ્ટિને પણ એને વેદનમાં આવે છે. એને જ્ઞાનમાં ગ્રહણ થાય છે. અલ્પકાળ હોય તોપણ એને ગ્રહણ થયા વગર રહેતું નથી. અંતર આત્મામાં ગયો અને પલટો થઈને આત્મા અંદરથી પ્રગટ થાય. એને વેદનમાં આવે છે. એને સ્પષ્ટપણે સાક્ષાત્ એને પ્રત્યક્ષ નિઃશંકપણે એના વેદનમાં આવે છે અને એ સમ્યગ્દૃષ્ટિ પણ જ્ઞાનમાં જાણી શકે છે. એ તો શાસ્ત્રોમાં પણ આવે છે. સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને આત્માની સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. નયોની લક્ષ્મી ક્યાં ચાલી જાય છે, પ્રમાણ અસ્ત થઈ જાય છે. એ આત્મા કોઈ જુદી રીતે પ્રગટ થાય છે.

પ્રશ્ન :- ચોથે ગુણસ્થાને એ પ્રમાણે ખ્યાલ આવતો હશે?

ઉત્તર :- ચોથે ગુણસ્થાને ખ્યાલ એના વેદનમાં આવે છે. ખ્યાલ માત્ર કલ્પિત એને જ્ઞાનથી, વિકલ્પથી જાણેલો એમ નથી. સહજપણે નિર્વિકલ્પપણે એને ખ્યાલમાં—વેદનમાં—અનુભૂતિમાં આવે છે. એ કાંઈ વાણીમાં નથી આવતો પણ એની અનુભૂતિમાં આવે છે. એને વિભાવમાં રાગાદિનું વેદન છે, એમ ચિદાનંદ સ્વભાવનો આનંદ ઝરતો જે આસ્વાદમાં આવતો એ કાંઈ એને છાનો રહેતો નથી.

પ્રશ્ન :- અલ્પકાળ એટલે માતાજી, આમ વીજળીનો ઝબકારો થાય...

ઉત્તર :- અલ્પકાળ એટલે થોડો કાળ એમ. થોડો અંતર્મુહૂર્તનો કાળ. એટલે કાંઈ ખ્યાલમાં ન આવે એવું નથી. એ તો પ્રત્યક્ષ છે, એનો અનુભવ પ્રત્યક્ષ છે.

પ્રશ્ન :- માતાજી! એક તર્ક એવો હતો કે ઉપયોગ તો એક સમયે એકને જાણે. તો દ્રવ્યને જાણે તો પર્યાયને કેવી રીતે જાણે?

ઉત્તર :- દ્રવ્યને જાણે તો પર્યાયને બધું જાણે છે. ત્યાં કાંઈ એને વિકલ્પ કરીને જાણવું નથી

ત્યાં. એ તો સહજ જાણે છે. દ્રવ્ય અને પર્યાય બધું સહજ જાણે છે. સહજ ઉપયોગાત્મક બધું જાણે છે. એ તો જે એનો સ્વભાવ છે તે સ્વભાવ એના પરિણતિ ઉપયોગાત્મક દ્રવ્ય અને પર્યાય બધું જાણે છે. વગર વિકલ્પે નિર્વિકલ્પપણે જાણે છે. ન્યાં એને કોઈ વિકલ્પ કરે તો એમાં ખંડ પડે છે. એને કાંઈ ખંડ નથી પડતો. એ તો અબુદ્ધિપૂર્વક છે. એના વેદનમાં તો દ્રવ્ય અને પર્યાય બધું જણાય છે. જુદો જુદો ઉપયોગ નથી મૂકવો પડતો. સિદ્ધનો અંશ છે. એમાં કાંઈ તર્ક લાગુ નથી પડતો.

પ્રશ્ન :- આ જ દ્રવ્ય-પર્યાયનું યુગપદ્ પ્રમાણ છેને?

ઉત્તર :- એ બધું એકસાથે જ જાણે છે. એ પ્રમાણરૂપ થઈ જાય છે એકસાથે.

પ્રશ્ન :- એને કાંઈ ભેદ પાડવાની વૃત્તિ તો નથી.

ઉત્તર :- વૃત્તિ નથી તો સહજ જાણે છે. વૃત્તિ હોય તો જાણે એવું નથી. ઊલટાનો આગળ વયો ગયો છે. વિકલ્પની વૃત્તિ તો એની ભૂમિકા વિકલ્પવાળી, રાગવાળી છે. એ તો વિકલ્પથી આગળ ગયો છે. એને વૃત્તિ નથી. બધા રાગથી છૂટી ગયો છે. એને તો સહજ જણાય. જાણવાની વગર ઈચ્છાએ જાણે છે. ઈચ્છા નથી જાણવાની. બધું છૂટી ગયું. નિરિચ્છાએ જાણે છે, સહજપણે જાણે છે. કેવળજ્ઞાન એને કાંઈ જાણવાની ઈચ્છા નથી તો બધું જાણે છે, તો આ એક અંશ છે કેવળજ્ઞાનનો, એ નિરિચ્છાએ જાણે છે.

પ્રશ્ન :- કેવળજ્ઞાનનો અંશ છે.

ઉત્તર :- કેવળજ્ઞાનનો અંશ છે. સ્વપરપ્રકાશક છે અંતરમાં. બહાર ઉપયોગ નથી જાતો પણ સ્વપરપ્રકાશક છે. પોતે દ્રવ્યને જાણે, ગુણને જાણે, પર્યાયને જાણે, બધું જાણે. સ્વપરપ્રકાશક છે. સ્વપરપ્રકાશક ગુણ નાશ નથી થઈ જાતો.

પ્રશ્ન :- માતાજી! દ્રવ્યમાં પર્યાય નથી તો પછી પર્યાયને કેમ ગૌણ કરવામાં આવે છે?

ઉત્તર :- દ્રવ્યમાં પર્યાય નથી એટલે કે દ્રવ્ય અને પર્યાયનું સ્વરૂપ જુદું છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય એ તો દ્રવ્યનું સ્વરૂપ છે. દ્રવ્ય શાશ્વત (છે) અને પર્યાય પલટાય છે. એટલે એમ કહેવાય કે દ્રવ્યમાં પર્યાય (નથી). દ્રવ્યને આશ્રયે પર્યાય થાય છે. દ્રવ્યના આશ્રય વગર પર્યાય થાતી નથી. દ્રવ્ય-ગુણ અને પર્યાય બધું વસ્તુનું સ્વરૂપ છે. અને પર્યાયને ગૌણ કરવામાં આવે છે. દૃષ્ટિની મુખ્યતાથી પર્યાયને ગૌણ કરવામાં આવે છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે અને પર્યાયને ગૌણ કરી છે. જ્ઞાન બેયને જાણે છે. જ્ઞાન દ્રવ્યને જાણે છે, જ્ઞાન પર્યાયને જાણે છે.

દૃષ્ટિના બળની અંદર આત્મામાં જીવસ્થાન નથી, ગુણસ્થાન નથી, બધું નથી એમ કહેવાય છે. કારણ કે દૃષ્ટિ બીજાને જોતી જ નથી. દૃષ્ટિને બીજું જોવું એનો વિષય જ નથી. દૃષ્ટિ એક ચૈતન્ય ઉપર જ રાખવી એ જ એનો વિષય છે. દૃષ્ટિ બીજું કાંઈ જોતી જ નથી. દૃષ્ટિનો વિષય દૃષ્ટિ એકને જ ગ્રહણ કરી લે છે. પછી વિશેષ જાણવું એ જ્ઞાનનું કામ છે. એ દૃષ્ટિનું કામ નથી. એક ઉપર દૃષ્ટિ રહે છે. એ પર્યાય કાંઈ વઈ નથી જાતી. દૃષ્ટિનો વિષય એકને ગ્રહણ કરવાનો છે. એમાં પર્યાય છે.

દૃષ્ટિએ ગ્રહણ કરી લીધું દ્રવ્યને એટલે એમાં પર્યાય કાંઈ (વઈ નથી જાતી). પર્યાય તો છે. જ્ઞાન બધું જાણે છે. સાધનાની પર્યાય છે. અધૂરી-પૂરી પર્યાયે બધું જ્ઞાન જાણે છે. એ તો તાપ દેતા દેતા

જેમ સોનું સોળ વલું થાય. સોનું તો સોનું જ છે. પણ હજી અધૂરાશ છે. સોનામાં હજી પૂરું ચોખ્ખું સ્વભાવે સોનું જ છે. પણ એને તાપ દેતા દેતા સોળ વલું થાય છે. એમ હજી સાધનાની પર્યાય અધૂરી છે. માટે પુરુષાર્થ કરે છે, આગળ જાય છે. જ્ઞાનમાં જાણે છે કે આ પર્યાયની અધૂરાશ છે. કેટલું પ્રગટ થયું, અમુક શુદ્ધતા પ્રગટ થઈ, અમુક શુદ્ધતા બાકી છે. એટલે હજી ચારિત્રની દશા અંદર સ્વરૂપ રમણતા વિશેષ નથી, અમુક સ્વરૂપ રમણતા છે. બધું જ્ઞાનમાં જાણે છે અને આગળ જાય છે.

એટલે દૃષ્ટિના બળમાં એને ગૌણ કરે છે. પર્યાય નથી એમ નથી. દૃષ્ટિ એને જોતી નથી. દૃષ્ટિના જોવામાં એ આવતી નથી. દૃષ્ટિનો વિષય એકને ગ્રહણ કરે છે. મૂળ ધ્યેય શું છે? એક દ્રવ્યને ગ્રહણ કરીને આગળ ચાલવાનું છે. એટલે એ ગ્રહણ કરી લીધું દ્રવ્યને. અનાદિ કાળથી દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી એ માટે એક દ્રવ્યને ગ્રહણ કરી લીધું કે હું કોણ છું. એનું મૂળ સ્વરૂપ ગ્રહણ કરી લીધું. એ ગ્રહણ કરીને પછી પર્યાયમાં શું અધૂરાશ છે એ પ્રમાણે એને પુરુષાર્થની ધારા ચાલે છે. સ્વાનુભૂતિ અને એ બધું અહીંયાંથી પ્રગટ થાય છે, દ્રવ્ય ઉપર દૃષ્ટિના જોરથી.

પ્રશ્ન :- જ્ઞાનના વિષયમાં બંને આવે છે—દ્રવ્ય અને પર્યાય. એટલે એકને મુખ્ય કરે અને એકને ગૌણ કરે.

ઉત્તર :- એકને મુખ્ય, એકને ગૌણ. જ્ઞાન બેય ગ્રહણ કરે. જે દૃષ્ટિનો વિષય છે એને પણ જ્ઞાન ગ્રહણ કરે છે. દૃષ્ટિના વિષયને જ્ઞાન ઊભું રાખીને પર્યાયને જાણે છે. દૃષ્ટિને તોડીને નથી જાણતું. દૃષ્ટિને જ્ઞાન બરાબર (જાણે છે). દૃષ્ટિનો વિષય જ્ઞાન જાણે છે અને દ્રવ્યનું સ્વરૂપ પણ જ્ઞાન જાણે છે અને પર્યાયનું સ્વરૂપ પણ જ્ઞાન જાણે છે. અને જ્ઞાન જાણે છે તે પ્રમાણે પછી વિશેષ પુરુષાર્થ કરીને સ્વરૂપમાં ઠરે છે, આગળ જાય છે. વિભાવથી ભેદજ્ઞાન તો થયું પણ વિશેષ આગળ જાય છે.

પ્રશ્ન :- સમ્યક્ સન્મુખ જીવને કેવા પ્રકારનું તત્ત્વ ચિંતવન હોય છે? અને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે કેવી ભક્તિ હોય છે?

ઉત્તર :- એને તત્ત્વનો વિચાર હોય છે સમ્યક્ સન્મુખને. ક્યાં પોતે છે એ જોવાનું છે. પોતે હું કોણ છું? મારું શું સ્વરૂપ છે? દ્રવ્ય-ગુણ-પર્યાયનું એને ચિંતવન હોય છે. હું દ્રવ્ય કોણ છું? ગુણ, પર્યાય એ બધાના વિચાર હોય છે. ઊંડાણથી હોય છે. સ્વભાવને વારંવાર ગ્રહણ કરતો હોય છે. જ્ઞાયક હું કોણ છે એ જ્ઞાયકના સ્વભાવને ગ્રહણ કરે, વિભાવને છૂટો પાડવાનો પ્રયત્ન કરે, વિભાવ અને પોતે જુદા જ છે વસ્તુસ્વભાવે. એનો પ્રયત્ન કરે છે, એ જ્ઞાનસ્વભાવને ગ્રહણ કરે છે. એ બધો પ્રયત્ન કરે છે. હવે એ ક્યાં પોતે ઊભો છે એ પોતાને જોવાનું રહે છે. કેવી રીતે ગ્રહણ કરે છે અને કેવી રીતે અભ્યાસ કરે છે એ પોતાને જોવાનું રહે છે. અને શુભભાવોમાં દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા હોય છે. જે ભગવાને પૂર્ણ સ્વરૂપ પ્રગટ કર્યું એની મહિમા છે ભગવાનની. ગુરુએ જે વસ્તુ સ્વરૂપ બતાવ્યું એ ગુરુની મહિમા, શાસ્ત્રમાં જે વસ્તુસ્વરૂપ આવે એની મહિમા, બધાની મહિમા હોય છે. તત્ત્વના વિચાર હોય છે.

એ મહિમા હોય, વિભાવથી છૂટો પડતો હોય છે. જ્ઞાયકને ગ્રહણ કરતો હોય છે. કેવી રીતે ગ્રહણ કરવું, એ સમ્યક્ સન્મુખ કેવી રીતે છે એ પોતાને વિચારવાનું છે. એ કેટલું તત્ત્વને ઓળખીને કરે છે

કે ઉપર સ્થૂળ રીતે કરે છે, સૂક્ષ્મ રીતે કરે છે એ બધું પોતાને વિચારવાનું રહે છે.

પ્રશ્ન :- ધર્મીને જ્યારે સ્વમાં ઉપયોગ હોય ત્યારે ધર્મ હોય. પણ જ્યારે ઉપયોગ પરમાં હોય ત્યારે તેને ધર્મ હોય કે નહિ?

ઉત્તર :- સ્વમાં ઉપયોગ હોય ત્યારે ધર્મ હોય અને પછી બહાર હોય ત્યારે ન હોય એવું નથી. ઉપયોગ સાથે નથી, એની પરિણતિ સાથે ધર્મ છે. એની પરિણતિ, દૃષ્ટિ તો એના સ્વરૂપ ઉપર જામેલી જ રહે છે. એણે જ્ઞાયકને ગ્રહણ કરેલો જ હોય છે. એની જ્ઞાતાની ધારા ચાલુ જ હોય છે. ઉપયોગ એનો બહાર એવો નથી જાતો કે એના સ્વરૂપને નુકસાન થાય કે સ્વરૂપ તૂટી જાય. એવો નથી ઉપયોગ એનો બહાર જાતો. ઉપયોગ બહાર જાય એટલે સ્વરૂપની પરિણતિ તૂટી જાય અને એવું એકત્વ થઈ જાય એવું નથી. દ્રવ્યનું વસ્તુ સ્વરૂપ જ એવું છે. અનાદિથી પરિભ્રમણ કરતો આવ્યો તોપણ દ્રવ્ય મૂળ સ્વભાવે (એવું ને એવું જ રહ્યું છે). એ વિભાવ પરિણતિ કરતો આવ્યો, ઉપયોગ બહાર જાય છે, કાંઈ ખ્યાલ નથી તોપણ દ્રવ્યનો તો નાશ થાતો નથી.

તો અંદર જેણે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરી, યથાર્થપણે પુરુષાર્થપૂર્વક અંદર પોતે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરી, જ્ઞાતાની ધારા પ્રગટ કરી પુરુષાર્થપૂર્વક, અંતરની પરિણતિપૂર્વક એને કોણ તોડી શકે એમ છે? પોતે પુરુષાર્થથી ઊભેલો છે. ઉપયોગ બહાર જાય એટલે એ ઉપયોગ કાંઈ એને પોતાની પરિણતિને તોડી શકતો નથી. એ તો ભેદજ્ઞાનની ધારા ચાલુ જ છે. કમળ જેમ પાણીમાં નિર્લેપ રહે છે એમ પોતે નિર્લેપ જ રહે છે. ગમે તેવા બહારના સંયોગમાં ઊભેલો તોપણ નિર્લેપ છે. વસ્તુ સ્વભાવે નિર્લેપ છે અને પ્રગટ પર્યાયમાં નિર્મળ છે. નિર્લેપ જ રહે છે. વસ્તુ અનાદિથી કોઈ જડ સાથે એકત્વ થતી નથી. પ્રગટ જ્ઞાતા-ધારા ચાલુ થઈ તો કમળ જેમ પાણીમાં નિર્લેપ રહે છે, એમ નિર્લેપ જુદી ને જુદી એની પરિણતિ રહે છે. ઉપયોગ બહાર જાય એટલે કાંઈ એનો ધર્મ છૂટી જતો નથી. ધર્મ તો ચાલુ જ રહે છે.

એવી એને અંતરમાંથી જ્ઞાન-વૈરાગ્યની શક્તિ પ્રગટ થઈ છે કે એની જ્ઞાન-વૈરાગ્યની શક્તિ એવી છે પરિણતિરૂપ કે બહાર ઉપયોગ જાય તોપણ એકત્વ થાતું નથી. એ બહારથી જોવામાં ન આવે. બહારમાં એ ગૃહસ્થાશ્રમના કાર્યોમાં દેખાય, કોઈ શુભ કાર્યોમાં દેખાય, ગૃહસ્થાશ્રમના કાર્યોમાં દેખાય તોપણ એની પરિણતિ અંતરથી એકત્વ થાતી નથી. એની જ્ઞાન-વૈરાગ્યની શક્તિ કોઈ જુદી હોય છે. એની જ્ઞાતાની ધારા એમ ને એમ ચાલુ જ હોય છે. કાંઈ સંભારવી પડે અને ભૂલી જાય એવું નથી. એને વેદન અમુક પ્રકારે જ્ઞાતાધારા ચાલુ જ રહે છે. એક નિર્વિકલ્પદશા થાય એ જુદી વાત છે. પણ એને સવિકલ્પદશામાં પણ જ્ઞાતાની ધારા ચાલુ જ રહે છે. જુદોને જુદો જ રહે છે.

ગમે તેવા પ્રસંગો એને બહારના કોઈ ઉપસર્ગ-પરિષહ આવે ગૃહસ્થાશ્રમમાં તોપણ એ કાંઈ એની જ્ઞાતાની ધારાને તોડી શકતા નથી. કોઈ અનુકૂળતાના ગંજ આવે કે પ્રતિકૂળતાના ઢગલા આવે તોપણ એની જ્ઞાતાધારાને તોડી શકતું નથી. એવો એનો પુરુષાર્થ ચાલુ જ હોય છે. કોઈ બહુ પ્રતિકૂળતા આવી માટે એની જ્ઞાતાધારા તૂટી જાય (એમ નથી). શાસ્ત્રમાં આવે છે ને આખા બ્રહ્માંડમાં ફેરફાર થાય તોપણ એને કોઈ ડગાવી શકતું નથી. એની જ્ઞાતાધારા ચાલુ જ રહે છે. અનુકૂળતાના ગંજ આવે તોપણ એ કાંઈ જ્ઞાતાધારા તૂટતી નથી. એમાં એને એકત્વબુદ્ધિ અનુકૂળતામાં થતી નથી.

ચક્રવર્તીનું રાજ અને દેવલોકના એને રત્નોના ઢગલા હોય તોપણ એમાં એ એકત્વ થાતો નથી. એનાથી જુદો ને જુદો નિર્લેપ જ રહે છે. એને આત્માની લગની લાગી, એને આનંદ અને અનુપમતા લાગી મહિમા લાગી આત્માની. એને બહારનું કોઈ લલચાવી શકતું નથી કે કોઈ એને પ્રતિકૂળતામાં એ કાંઈ ખેદાઈ જતો નથી. એવી એની જ્ઞાતાધારા જુદી ને જુદી જ રહે છે.

એવી જ્ઞાન વૈરાગ્યની શક્તિ (પ્રગટ થઈ છે). હું તો જ્ઞાયકભાવ છું. આ પરિગ્રહ મારું સ્વરૂપ નથી. આ પુણ્ય-પાપના ભાવો હું એનાથી જુદો ને જુદો જ્ઞાયકભાવ જ છું. એવી એ જ્ઞાતાધારાને કોઈ તોડી શકતું નથી. જે પુરુષાર્થે, જે પંથે ચાલ્યો તે ચાલ્યો. પુરુષાર્થની ધારા ચાલી એને કોઈ રોકી શકતું નથી. પોતે જો ચાલ્યો તો એને કોઈ પરદ્રવ્ય તોડી શકતું નથી. એ જે રખડ્યો એ પોતાના પુરુષાર્થની મંદતાએ અને નથી થાતું એ પોતાના પુરુષાર્થના અભાવે.

પ્રશ્ન :- પરિણતિમાં આનંદનું વેદન આવતું હશે?

ઉત્તર :- પરિણતિમાં આનંદનું વેદન અમુક પ્રકારે એને શાંતિ અને સમાધિ વર્તે છે. શાંતિ અને સમાધિ વિશ્રાંતિ વર્તે છે. અનુપમ આનંદ જે નિર્વિકલ્પદશાનો એ કોઈ સિદ્ધ સાથે મળતો, એ જુદી વાત છે. સવિકલ્પદશામાં ઉપોયગ બહાર છે તોપણ એ જેમ અજ્ઞાનદશામાં એકત્વબુદ્ધિ અને આકુળતાનું વેદન હતું એ વેદન એને નથી. એને કોઈ જુદી જાતનું સમાધિનું—શાંતિનું વેદન છે. એની સવિકલ્પદશામાં પણ એની શાંતિ અને સમાધિનું વેદન કોઈ જુદું જ હોય છે. એને જે અજ્ઞાનદશામાં આકુળતાના વેદનમાં આકુળ-વ્યાકુળ થાતો હતો એ એને નથી. એ સવિકલ્પ જે અજ્ઞાનદશામાં હતો અને આ સવિકલ્પ એ બે જુદી જાત છે. અજ્ઞાનદશાની એકત્વબુદ્ધિ અને આની ભેદજ્ઞાનની ધારા એ એની સમાધિ અને શાંતિ એનાથી જુદી જ જાત છે, એ જુદી જ છે અને એની નિર્વિકલ્પદશા એનાથી જુદી છે.

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ઑગસ્ટ-૨૦૨૦)નું શુલ્ક શ્રી પિયૂષભાઈ નગીનદાસ ભાયાણી, કોલકાટા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



## ‘દ્રવ્યદ્દષ્ટિ પ્રકાશ’માંથી દષ્ટિનું પરિણમન અને દષ્ટિનો વિષય સંબંધિત વચનામૃતો

પરિણામથી પણ ઊંડું સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વ જે છે તે ‘હું’ છું. (૩૭૦)

***

સમ્યગ્દષ્ટિ જીવ પોતાને સદાય ‘ત્રિકાળી આત્મા છું’ એમ જ માને છે.

‘હું ધ્રુવ સિદ્ધ છું’ - જેમાં સિદ્ધદશાની પણ ગૌણતા રહે છે; સિદ્ધદશાનો પણ સમયે સમયે ઉત્પાદવ્યય થાય છે; ‘હું તો સદા ધ્રુવ છું’. (૩૭૩)

***

‘હું ત્રિકાળસ્વભાવ ક્યારે પણ બંધાણો જ નથી’ તોપણ મને ‘મને’ મુક્ત કહેવો તે તો ગાળ છે. પર્યાયને મુક્ત કહે તે તો ઠીક છે કારણ કે તે બંધાયેલી હતી, તેથી મુક્ત કહેવું ઠીક છે. પરંતુ ‘મને’ તો મુક્ત કહેવું પણ ઠીક નથી. (૩૭૫)

***

દષ્ટિનો નશો ચડી જાય તો અંતરમાં જ વારંવાર વલણ થાય. બહારમાં ગમે નહિ. (૪૦૬)

***

પ્રશ્ન :- તો શું નશાના જેવું ષ્ટિનું સ્વરૂપ છે? કાંઈ દેખતી નથી?

ઉત્તર :- હા, દષ્ટિનો નશો એવો જ છે. કાંઈ દેખતી નથી. પોતાની (સ્વરૂપની) તરફ જ દોડે છે. તેથી તો કહે છે કે સમ્યગ્દષ્ટિને બહારમાં ચર્ચા આદિમાં પણ રોકાવું ગમે નહિ. અંદર જ અંદર જવા ચાહે છે. (૪૦૭)

***

કેવળજ્ઞાનથી મને લાભ થવાનો નથી, અને શુભાશુભ ભાવોથી મને નુકશાન થવાનું નથી, ‘હું એવું તત્ત્વ છું’. (ધ્રુવતત્ત્વ, ઉત્પાદ-વ્યયથી નિરપેક્ષ છે - એવી દષ્ટિથી વાત છે.)

જેમ કોઈ મેરુથી માથું ફોડે, પણ મેરુ હલતો નથી, તેમ પરિણામ મારાથી ટકરાય છે, તોપણ ‘હું’ પરિણામથી હલવાવાળો નથી. (૪૨૯)

***

અહીંની (ત્રિકાળીની) દષ્ટિ થતાં જ, (પર્યાય અપેક્ષા) મુક્તિ ચાલુ થઈ જાય છે. ચાલુ શું થઈ જાય છે ! (દ્રવ્યદષ્ટિ અપેક્ષા અથવા ભાવિનયથી) મુક્તિ થઈ જ ગઈ ! (૪૩૭)

***




### પત્રાંક ૨૧૯

**મુંબઈ, ફાગણ વદ ૧, ૧૯૪૭**

'એક દેખિયે જાનિયે,' એ દોહા વિષે આપે લખ્યું, તો એ દોહાથી અમે આપને નિઃશંકતાની દઢતા થવા લખ્યું નહોતું; પણ સ્વભાવે એ દોહો પ્રશસ્ત લાગવાથી લખી મોકલ્યો હતો. એવી લય તો ગોપાંગનાને હતી. શ્રીમદ્ ભાગવતમાં મહાત્મા વ્યાસે વાસુદેવ ભગવાન પ્રત્યે ગોપીઓની પ્રેમભક્તિ વર્ણવી છે, તે પરમાહ્લાદક અને આશ્ચર્યક છે.

'નારદ ભક્તિસૂત્ર' એ નામનું એક નાનું શિક્ષાશાસ્ત્ર મહર્ષિ નારદજીનું રચેલું છે; તેમાં પ્રેમભક્તિનું સર્વોત્કૃષ્ટ પ્રતિપાદન કર્યું છે.

ઉદાસીનતા ઓછી થવા આપે બે ત્રણ દિવસ અત્ર દર્શન દેવાની કૃપા બતાવી, પણ તે ઉદાસીનતા બે ત્રણ દિવસના દર્શનલાભે ટળે તેમ નથી. પરમાર્થ ઉદાસીનતા છે. ઈશ્વર નિરંતરનો દર્શનલાભ આપે એમ કરો તો પધારવું નહીં તો હાલ નહીં.

***

### પત્રાંક ૨૨૦

**મુંબઈ, ફાલ્ગુન વદ ૩, શનિ, ૧૯૪૭**

આજે આપનું જન્માક્ષર સહ પત્ર મળ્યું. જન્માક્ષર વિષેનો ઉત્તર હાલ મળી શકે તેમ નથી. ભક્તિ વિષેનાં પ્રશ્નોનો ઉત્તર પ્રસંગે લખીશ. અમે આપને જે વિગતવાળા પત્રમાં 'અધિષ્ઠાન' વિષે લખ્યું હતું તે સમાગમે સમજી શકાય તેવું છે.

'અધિષ્ઠાન' એટલે જેમાંથી વસ્તુ ઉત્પન્ન થઈ, જેમાં તે સ્થિર રહી, અને જેમાં તે લય પામી તે. એ વ્યાખ્યાને અનુસરી 'જગતનું અધિષ્ઠાન' સમજશો.

જૈનમાં ચૈતન્ય સર્વ વ્યાપક કહેતા નથી. આપને એ વિષે જ કંઈ લક્ષમાં હોય તે લખશો.

***

### પત્રાંક ૨૨૧

**મુંબઈ, ફાલ્ગુન વદ ૮, બુધ, ૧૯૪૭**

શ્રીમદ્ ભાગવત પરમભક્તિરૂપ જ છે. એમાં જે જે વર્ણવ્યું છે, તે તે લક્ષરૂપને સૂચવવા માટે છે.

મુનિને સર્વવ્યાપક અધિષ્ઠાન આત્મા વિષે, કંઈ પૂછવાથી લક્ષરૂપ ઉત્તર મળી નહીં શકે. કલ્પિત ઉત્તરે કાર્યસિદ્ધિ નથી. આપે જ્યોતિષાદિકની પણ હાલ ઇચ્છા કરવી નહીં, કારણ કે તે કલ્પિત છે; અને કલ્પિત પર લક્ષ નથી.

પરસ્પર સમાગમલાભ પરમાત્માની કૃપાથી થાય એવું ઇચ્છું છું. આમ ઉપાધિ જોગ વિશેષ વર્તે છે, તથાપિ સમાધિમાં જોગની અપ્રિયતા કોઈ કાળે નહીં થાય એવો ઈશ્વરનો અનુગ્રહ રહેશે એમ લાગે છે. વિશેષ વિગતવાર પત્ર લખીશ ત્યારે.

વિ. રાયચંદ

***